સાલ : ૭ / સિલસિલાવાર નંબર : ૮૪ / શુમારો : ૧૨

بِسۡمِ اللّٰہِ الرَّحۡمٰنِ الرَّحِیۡمِ

કુલ પાના - ૧૨

مشكوة الهادي

Mishkaat-ul-Haadi

મવએઝત અને હિકમતથી હક્કની તરફ દાઅવત આપતુ લિસાનુદ્દાઅવતમાં અખબાર

નાશિર : મરકઝે તરબીયતે મુમેનીન, અલ-વિઝારતુલ અલવીયાહ, વડોદરા.

તા. ૧ ઝિલહજ્જ ૧૪૩૧ હી., ૭-૧૧-૨૦૧૦

## -::: કિસ્સએ કુરબાની :::-

**✲ સુન્નત અને કાઅબા** : કુરબાની યા ઝબીહત, ઈબ્રાહીમી સુન્નત છે. અલ્લાહતઆલાએ આ સિવાય મૌ.ઈબ્રાહીમ ખલીલુલ્લાહ (અ.સ.) ને જિસ્માની પાકી-સાફીને વાસ્તે ઘણા તાકીદના ફરમાન કીધેલા છે. જેમાં માથાના બાલને બરાબર કરવા, નખ કાપવા, મૂઁછ બરાબર કરવી, દાઢીને ઝીનત બખશવી, શરમગાહ અને બગલના બાલ લેવા તેમજ ખત્ના કરાવવું શામિલ છે. આપના બેવે બૈરો મૌ.હાજરાહ (અ.સ.) અને મૌ.સાર્રાહ (અ.સ.) વાસ્તે પણ નાક અને કાન વીંધાવવું, માથા પર દરમિયાનમાં બાલનો સાથો કરવો તેમજ બૈરોની બીજી જિસ્માની બાતિની પાકી કરવાનું ફરમાન છે. મૌ.ઈબ્રાહીમ તીસરી ઈસ્માઈલી શરીઅત લઈને આવા અને આપની શરીઅતના તરીકા અને મિસાલ પર જ આખિરૂન્નબીયીન રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) ની શરીઅત ઉભેલી છે, સાબિત છે. **જે શરીઅતમાં કયામતના દિન તક કોઇ ફેરફાર મુમ્કિન નથી.** આપ નબી સાહબ હર વકત ફરમાવતા કે, હું મારા બાવાજી મૌ.ઈબ્રાહીમની દોઆનો સમર-ફલ છું. મૌ.ઈબ્રાહીમ (અ.સ.) તીસરા બાવાજી અને રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) તીસરા ફરઝંદ છે. અલ્લાહતઆલાએ આપ નબીને મૌ.ઈસ્માઈલ ઝબીહુલ્લાહના શહેર મક્કામાં વસાવા. બંને બાવાજી-ફરઝંદ મૌ.ઈબ્રાહીમ અને ઈસ્માઈલે કાઅબતુલ્લાહને નવા તૌર પર તાઅમીર કીધા જે કાઅબાના એક રૂકનમાં આપ નબી સાહબે આપના દસ્તે મુબારકથી હજરે અસ્વદ ને મુકા. **મૌ. ઇબ્રાહીમ, કાઅબાના Architect છે અને તે આપના હાથની તાઅમીર છે.** હુકમે ઈલાહી મુજબ આપે બનાવી છે. જે જગા પર આપ ઉભા રહીને ફરમાવતા હતા તેનો મકામે ઈબ્રાહીમ કહે છે. હર સાહબ એના ઝમાનાના ઈબ્રાહીમના દરજા પર છે. મૌ.ઈબ્રાહીમ કાઅબાને તાઅમીર આઅલા મકામ છે, જેને ઝમાનામાં મકામના લોગોને દરમિયાન મકામે શરીઅતને લઈને પધારા તેમાં આપની મિલ્લતની રૂહાની અને જિસ્માની તહારત-પાકીઝગી હતી, ઝહેની-અકલી દુરૂસ્તગી હતી. લેહાઝા અલ્લાહના અમરથી આપ આ ખિદમત અંજામ આપે છે. **ફનકારના ફન કરતા ફનકાર ખુદ ઝિયાદહ આઅલા અને અશરફ હોય છે.** મૌ.ઈબ્રાહીમે અલ્લાહનું ઘર બનાવું અને આજ તક તે હાઝિર છે, તેનો વુજૂદ છે. નમાઝી તેના સામે મૂઁહ કરીને નમાઝ પઢે છે. તો ઘર બનાવનાર અલ્લાહના હુકમથી ઘર બનાવે તો તે ઘરના મુહાફિઝ આ સરઝમીન પર હર વકત હોવા જ જોઇએ, કે જે બુતપરસ્ત ન હોય પણ ખુદાપરસ્ત હોય. જેમ હર ઝમાનમાં કાઅબતુલ્લાહ છે જે એક ઈમારત છે અને તે કાલા પત્થર, રેતી, ચુનાની છે. તો જો પત્થરના ઘરની ઝમાનના લોગો તાઅઝીમ, તકરીમ અને તસ્લીમ કરતા હોય, તો તેને સાચવનાર એક બીજું જિસ્માની ઈન્સાની ઘર જેને સાચી માઅનામાં બયતુલ્લાહ કહેવાય અને જે શરીઅતના મુહાફિઝ હોય તેમની તાઅઝીમો તકરીમ તે પત્થરના ઘર કરતા ઝિયાદહ હોવી જોઇએ. શું નબીયુલ્લાહ મોહંમદ (સ.અ.વ.વ.) ના રૂત્બામાં કમી લાવીને કોઇ શખ્સ કાઅબતુલ્લાહને ચુમે તો તે પત્થરના ઘરને ચુમવું કહાઁ તક વાજિબ ગિનાય? આ વાત સાથે કે તે ઘરની માઅરેફત કરાવનાર મોહંમદ રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) હોય !

**" અલ-હાદી " પોતાના તમામ અઝીઝ કારેઈનને દિલી ફરહતો મસર્રત સાથે " ઈદુલ અઝહા " ની અને " યૌમે ઈદે વલાયત " ની મુબારક બાદી પૈશ કરે છે.**

*(બકીયાહ પેજ નં. ૨ પર)*

**અય અલ્લાહ, મારા તે ગુનાહોને મઆફ કર જેને તું મારા કરતા વધારે જાણે છે.**

(પેજ નં. ૧નું બાકી) ***કિસ્સએ કુરબાની.....***

મૌ.ઈબ્રાહીમ ચાર મરતબાના માલીક હતા, રિસાલત, નુબૂવત, વસાયત અને ઈમામત. આ ચાર મરતબાની હકીકત પર આપે કાઅબાને ચોરસ બનાવા. અલ્લાહની હિકમત અને મશીયત એ હતી કે, આ ચાર મરતબાને રસૂલુલ્લાહ બાવાજીના દૌરે નુબુવતમાં હાશિમી ખાનદાનમાં જમા કરે. મૌ.ઈબ્રાહીમે કાઅબાની તાઅમીર કરીને લોગોને મનાસિકો અરકાને હજ્જ કરવા દાઅવત આપી. જેના સબબ લોગો ઝમીનના કોને કોના થી મેલા-કુચેલા-ધુલેરા થઈને મક્કામાં આવે. આ હુકમને અલ્લાહએ આપ નબી સાહબ (સ.અ.વ.વ.) ને પણ કીધો કે, આપની આ દુનિયાથી રહેલત પહેલા, આપ લોગોને હિજ્જતુલ વદાઅ કરવા તમામ શહેરો-ગામડાઓ માંથી તલબ કરે અને અરકાને હજ્જની તમામે તમામ ચીઝોની તાઅલીમ આપે.

✲ **ઝાહિરી અને બાતિની ઝબીહત** : મૌ.ઈબ્રાહીમે હજ્જે બયતુલ્લાહના રૂકનનો પાયો નાંખો અને આપ નબી સાહબે તેની તાઅમીરને મઝબૂત બનાવી. ફરમાને ઈલાહી છે કે, **ઇસ્તેતાઅતવાલા લોગો પર હજ્જ કરવું મેં ફરઝ કીધું છે** આજે સેંકડો સાલ બાદ પણ અય્યામે હજ્જમાં મિનાની જગા પર મૈદાને નહેર-ઝબીહતનું મેદાન છે, જ્યાં કુરબાનીની સુન્નતે ઈબ્રાહીમ થાય છે. મૌ.ઈબ્રાહીમ ખ્વાબ જોઈ છે કે, આપ આપના ફરઝંદને ઝબ્હ કરે છે. આપના ફરઝંદ ઈસ્માઈલ આપને અલ્લાહના આ હુકમને તાબેઅ થાવાનું કહે છે અને પોતે તેના પર સબર કરશે એવું કૌલ-વચન આપે છે. આ કિસ્સામાં ઝાહિરી મફહૂમ કમ પણ બાતિની માઅના ઘણી ગહેરી અને લંબી છે. અલ્લાહતઆલા એક નબીને ખ્વાબમાં આ તરહનો હુકમ કરે, જે નબીની ૧૦૦ વરસની ઉમ્ર હોય અને ફરઝંદ નાના હોય. કુરઆને કરીમમાં આ કિસ્સો ઘણો જ ખુશગવાર લહેકાથી બયાનશુદા છે. જેનીં બાતિની માઅના અહલે અક્લ અને વલાયત રાખનાર મુમિનને જાણવી બેહદ ઝરૂરી છે. આમ તૌર પર તાવીલી ગુફતગૂ ફક્ત ઝહીન અને ઈલ્મની હદે તાવીલ તક પહોંચેલા ઈલ્મના તલબગાર (મુસ્તજીબ) ને જ અપાય છે, પણ આ કિસ્સામાં કુરબાની અને ઝબીહતનો પહેલૂ ખૂબ મુશ્કિલ હોય, તેની બયાની-વઝાહત કરવા વાસ્તે હમેં હમારા સાહબે આલીની રઝાથી ઈરાદો કરીએ છીએ.

કુરઆને કરીમમાં સૂરતુસ્સાફફાતમાં ઈરશાદે ઈલાહી થાય છે કે, "**ફબશ્શરનાહો બે ગુલામિન હલીમ**", તે બાદ હમેં ઈબ્રાહીમને એક હલીમ ફરઝંદની ખુશખબરી આપી. તાવીલી માઅના (તા.મા.) માં ફતા (જવાન ફરઝંદ) યા ગુલામ તે શખ્સને કહે છે જેમાં ઈમામતના આસાર નઝર આવતા હોય. યાઅની તે શખ્સ જે આવનાર વક્તમાં ઈમામતના મુસ્તહિક્ક થાવાના હોય, યહાઁ આ દરજાના માલિક મૌ.ઈસ્માઈલ (અ.સ.) ની ઝાતે પાક છે. "**ફલમ્મા બલગા મઅહુસ્સઅયા,**" જે વક્ત તેના સાથ મકામે સઅય-મકામે કુદરતો તદબીર પર પહોંચા. તાવીલી માઅનામાં આપની તરબીયત ખત્મ થઈ ગઈ તો ફરમાવું, "**કાલા યા બોનય્યા ઇન્ની અરા ફિલ મનામે અન્ની અઝબહોકા**", અય મારા ફરઝંદ, મેં ખ્વાબમાં જોઈ રહ્યો છું કે, મેં તમને ઝબ્હ કરી રહ્યો છું. તાવીલી માઅનામાં મેં તમારાથી ઈમામતનો અહદો મીસાક લઈ રહ્યો છું અને મારી શરીઅતનો ઈમામ બનાવી રહ્યો છું. "**ફન્ઝુર માઝા તરા,**" તું બતાવ કે તારો ખયાલ શું છે ? તાવીલી માઅનામાં ગૌરો ફિકર કરીને અને બરાબર સોચીને જવાબ આપ કે, શું આ અઝીમ ઈમામતના બોઝાને તું ઉઠાવવા વાસ્તે તૈયાર છે ? યાદ રાખ, આ બોઝનું ઉઠાવવું એટલું આસાન નથી. "**કાલા યા અબતે, ઇફઅલ મા તુઅમર સતજેદોની ઇન્શાઅલ્લાહ મિનસ સાબેરીન**", અય મારા બાવાજી, આપને જે વાતનો હુકમ કરવામાં આવો છે, તે પર અમલ કરો. જો અલ્લાહતઆલાએ ચાહ્યું તો તમેં મને સબર કરનારમાંથી પાશો. તાવીલી માઅનામાં મલકૂત અને ઈમામતનો ભારી બોઝ અલ્લાહની મરઝીને મુતાબિક ઉઠાવી લઈશ. "**ફલમ્મા અસલમા**", જ્યારે બેવે એ એકબીજાની વાત કુબૂલ કીધી યાઅની આપસમાં રાઝી થઈ ગયા. તાવીલી માઅનામાં મૌ.ઈબ્રાહીમ દરજએ ઈમામતને મૌ.ઈસ્માઈલને સિપૂર્દ કરીને પોતાની ઝિમ્મેદારીથી ફારિગ થયા, ત્યારે મૌ.ઈસ્માઈલ ઈમામતનો ભાર ઉઠાવવા વાસ્તે રઝામંદ થયા. "**વ તલ્લહૂ લિલ જબીન**", અને એને પૈશાનીના બલ પર સુવાડી દીધા. તાવિલી માઅનામાં મૌ.ઈસ્માઈલે મુકમ્મલ નમનતાઈ-ખુશૂઅનો સજદામાં સર ઝુકાવીને ઈઝહાર કીધો. "**વનાદયનાહો અય યા ઇબ્રાહીમ, કદ સદ્કતર રુઅયા,**" અને હમેં એને પુકારા,

*(બકીયાહ પેજ નં. ૩ પર)*

**તે શખ્સ પર અલ્લાહ રહેમત કરે જે હિકમતને સાંભલે છે અને યાદ રાખે છે.**

*(પેજ નં. ૨નું બાકી)* ***કિસ્સએ કુરબાની.....***

અય ઈબ્રાહીમ, તમેં ખ્વાબને સાચો સાબિત કીધો. તાવીલી માઅનામાં હમેં મૌ.ઈબ્રાહીમ પર વહ્ય કરીને એના ખ્વાબને એં જે સાચો કીધો અને તેના મુતાબિક અમલ કીધો તેના પર એની તાઅરીફ કીધી અને એના આ અમલને સરે તસ્લીમ કરવા દાદ આપી. **"ઇન્ના કઝાલેકા નજઝિલ મોહસેનીન"**, હમેં આ જ મુજબ એહસાન કરનારાઓને બદલો આપીએ છીએ. તાવીલી માઅનામાં જે શખ્સ હમારા હુકમને બહેતરીથી કુબૂલ કરે અને ખુશદિલીથી અદા કરે એને હમેં કરામત બખશીએ છીએ.

**❊ ઝબીહત અને મીસાક :** ઝાહિરી ઝબીહતની તાવીલી માઅના મીસાક લેવાની છે. ઝબીહત કરવાથી ઝાહિરી મૌત થાય છે. ઝબેહ થયેલી ચીઝ (મઝબૂહ) પોતાના ઈખ્તિયારથી કોઈ પણ કામ યા હરકત નથી કરી શકતી. જિસ્મમાંથી ખૂન વહી જાવાના સબબ જિસ્માની જોશ ખત્મ થઈ જાય છે અને બદન મુરદાર-બેજાન થઈ જાય છે. આ જ શાકેલત પર અહદ-મીસાક લેવાના બાદ મુમિન પોતાની ખ્વાહિશ અને નફસે હિસ્સીયાહ (એહસાસવાલી જાન) ની મરઝી મુજબ કામ કરવાનો હક્કદાર રહેતો નથી. અલ્લાહના એહકામ સિવાય જિસ્માની ખ્વાહેશાત ઠંડી પડી જાય છે. મતલબ કે, **મૌ.ઇસ્માઇલ બચપણાથી તાઇદે ઇલાહીના મકામ પર પહોંચા.** બાતિની દાઅવત (વસીની દાઅવત) ને કાઈમ કરવાનો અને તેને હક્કદારોને જ આપવાનો હુકમ ફરમાવો. આપે આપની દાઅવતના હુદૂદને કાઈમ કીધા અને ફરમાન કીધું કે, ઝાહિરી શરીઅતના વાસ્તે કોઈ દખલઅંદાઝી ન કરે અને ખોટી બહેસ ન કરે. આ શરીઅતની બાગદોડ મૌ.ઈસ્હાકના હાથમાં સિપૂર્દ કીધી. મૌ.ઈબ્રાહીમ ત્રીજા નબી-નાતિક હતા, મૌ.ઈસ્માઈલ આપના વસી-અસાસ હતા અને મૌ.ઈસ્હાકનો દરજો આ બેવે દરજાથી નીચો હતો જે ઈમામતનો હતો. લેહાઝા, અલ્લાહતઆલાએ મૌ.ઈસ્માઈલના બદલામાં એક જન્નતી ડુંબાની એવઝની ઝબીહતને કુબૂલ કીધી અને ફરમાવું કે, **"વ ફદયનાહો બેઝિબ્હિન અઝીમ"**, અને હમેં એના વાસ્તે એક અઝીમ ઝબીહતનો ફિદયો બનાવો. તાવીલી માઅનામાં મૌ.ઈસ્માઈલને આપની શરાફત, ઈતાઅત અને નમનતાઈની બિના પર ઈમામતના દરજાથી પણ બલંદ કરી દીધા. એની જગામાં ઈમામતના મકામમાં બીજાને મુકર્રર કીધા. જે એને જ લાઈક હતા, જે ઝિબ્હે અઝીમ મૌ.ઈસ્હાક છે.

આ કિસ્સાની ઝાહિરી તફસીરમાં લોગો બયાન કરે છે કે, મૌ.ઈસ્માઈલના બદલામાં એક જન્નતી કબશ (ડૂંબો) ઝબેહ કરવામાં આવો, પણ તાવીલી માઅનામાં આ સહી નથી. કેમકે, અહલે અરબના મુહાવરા-Terminology માં આમ તૌર પર એ શખ્સ જે પોતાની કૌમને ખાતિર પોતાનું તમામ કુરબાન કરી દે અને હર તરહથી કૌમની હિફાઝત કરે તેને **"કબશે કૌમ"** કહે છે. એ મુજબ મૌ.ઈસ્માઈલ ઝબીહતથી બચી ગયા. પણ આ ઝબીહતના આસાર અને બરકત આજના ઝમાનમાં કાઈમ છે કે, આ સુન્નતે ઈબ્રાહીમીયાહના સબબ મિલ્લતના ફરઝંદોની હિફાઝત થઈ રહી છે. જે ચોપાયા (હલાલ જાનવર) ની ઝબીહતમાં શરીઅતની ઈજાઝત આવેલી છે, જેની નસલ-પૈદાઈશમાં **પણ અલ્લાહતઆલાએ બરકત મુકેલી છે કે હર સાલ નામે ઇલાહી પર કરોડો ઝબીહત થાય છે પણ કોઇ વક્ત જાનવરની ગિન્તીમાં કોઇ તકલીફ આવતી નથી.** અલ્લાહતઆલાએ આ ચોપાયાઓની એક ઉમ્મત બનાવેલી છે અને તેની ઝબીહત થાવાથી તેને બલંદી અને પૈદાઈશી ચઢાણ થાય છે. તેને હયવાની ખોલીયામાંથી નિકાલીને બીજી આઅલા તખ્લીકમાં ચઢાવે છે. મુમેનીનના ઘરોમાં ઈદુલ અઝહાના મૌકા પર જે કુરબાની થાય તેને અલ્લાહતઆલા એની બારગાહમાં કુબૂલ ફરમાવે. મૌ.ઈબ્રાહીમ ખલીલુલ્લાહએ જે મુજબ "વજ્જહતો વજહી" નો અહદ અલ્લાહને આપો હતો, તેની જ મિસાલ પર અલ્લાહતઆલા મુમેનીનના દિલોમાં ઈમામુઝઝમાન (અ.સ.) ની દાઅવતનો અહદ-મીસાક સાબિત રાખી ઝબીહતના ખૂનના હર કતરાના એવઝમાં બરકત અને સઆદત અતા ફરમાવે અને દાઈયુઝઝમાન (ત.ઉ.શ.) ના હરમે હિદાયત અને ચમને શફકતમાં અલવી મુમેનીનને વસેલા રાખે. ★

**બુરી વાતોથી દૂર રહેવું પણ એક તરહની નૈકી છે.**

## -::: અખબારે તૈયેબીયાહ :::-

**✻ વોલાતુલ હિન્દની અહમદાબાદમાં ઝિયારતો :**

હિન્દના શહીદે આઅઝમ ફખરૂદ્દોઆતિલ મુત્લકીન શમ્સુલ હોદાતિલ અમજદીન સૈ.વ.મૌ. અલી શમ્સુદ્દીન બિન સૈ.ઈબ્રાહીમ (આ.કુ.)ના **૩૮૫માં** ઉર્સે મયમૂનના મૌકા પર દરસે તૈયેબીમાં શરીકો શામિલ થાનાર મુમેનીન-મુમેનાતને મુકાસિરૂદ્દાઅવત સૈ. મોહંમદ નૂરૂદ્દીન સાહબ (દા.મ.) ની ખાસ સદારત અને હિદાયતમાં અહમદાબાદ-નાની કરબલાના તમામ વલીઓ અને દોઆતની ઝિયારત અને આપની તારીખથી ખબરદાર થાવાનો સુનેહરો મૌકો હાસિલ થયો હતો. દાઅવતે અલવીયાહના **૭ દોઆતે કિરામની ઝિયારત** સાથે દાઅવતના યમની દૌરના દોઆતના વક્તમાં હિન્દુસ્તાનમાં અહમદાવાદ શહેરમાં જે જે વલીયોએ દાઅવતના એક મઝબૂત રૂકન બનીને મુમેનીનના ઈમાન અને જાનો માલની જે તરહ હિફાઝત કીધી હતી અને પોતાની ઝિંદગીને અલ્લાહની રાહમાં કુરબાન કરી નાખી હતી, તે તમામ હકીકતોને જાણવું અને માનવું હરએક અલવી મુમિન પર વાજિબ છે. મુકાસિરૂદ્દાઅવત સૈયેદી સાહબે મુસલસિલ ૪ કલાક તક દરસે તૈયેબીના ગિરોહને દોઆત અને વોલાતની કબ્રે અન્વર પર લઈ જઈ તેમની **નફસાની કુરબાની અને ઇલ્મી ખિદમત**ને યાદ અપાવી. આ ઝિયારતોમાં ખાસ કરીને મૌ.આદમ શુજાઉદ્દીન, મૌ.ખ્વાજા કલાન, મૌ.હસન સાહબ, મૌ.દાઊદ, મૌ.અલૂજી, મૌ.યૂસુફજી-તૈયેબજી, મૌ.ફિરોઝ, મૌ.મોહંમદ, મૌ.મલક, મૌ.અહમદ, મૌ.હસન બિન આદમ, મૌ.રાજ બિન મૌ.હસન, મૌ.અલી મોહંમદ, મૌ.અબુજી, મૌ.કાસિમ, મૌ.કુતુબશાહ, મૌ.રાજ, મૌ.જઅફર, મૌ.બુદન (રિ.અ.) વગૈરા શામિલ છે. મુમેનીન પર ફરઝ છે કે જે વક્ત અહમદાબાદ જાય તો આ તમામ ઝિયારતો કરીને અપના મૌલાઈઓથી બરકાત અને ફૈઝ હાસિલ કરે. ★

**✻ મદ્રસએ તૈયેબીયાહમાં કુરઆની દૌર અને મજલિસ :**

હિંદના પહેલા શહીદે આઅઝમ સૈ.વ.મૌ. શમ્સુદ્દીન અલી બિન ઈબ્રાહીમ સાહબ (ક.રૂ.), ૨૯ માં દાઈયુલ મુત્લક અમદાવાદમાં **દાઅવતે શરીફાહ અને અહલે ઇમાનની હિફાઝત** વાસ્તે પોતાની જાન ફી સબીલિલ્લાહ કુરબાન કરનાર હાદીયે અકરમ, અને ૩૨માં સિરાજે મુનીર સૈ.વ.મૌ. ઝિયાઉદ્દીન જીવાભાઈ બિન નૂહજી સાહબ (ક.રૂ.), જે અહમદાબાદથી વડોદરા હિજરત કરીને પધારા અને મુમેનીનના ઘર-કારોબારને આબાદ કીધા એમની ઝિક્રામાં બદરી મોહલ્લામાં મદ્રસએ તૈયેબીયાહના નૌનિહાલોનો કુર્આને કરીમનો દૌર અને મજલિસે ઝિક્રે અહલે બૈત (અ.સ.) રવિવાર ૨૪ ઝિલકાદ ૧૪૩૧ના દિન ફજેરે ૮:૩૦ વાગે મસ્જિદે નુરાનીમાં રાખવામાં આવેલી હતી જેમાં ઉસ્તાદ સાહબો, મહેમાનો અને નૌનિહાલોની ૩૦૦ ને કરીબ તાઅદાદ હતી. ઉસ્તાદ સાહબોએ બંને મુકદસ મૌલાઓની સીરતે પાક પર બયાન કીધું હતું અને તાલિબે ઈલ્મો **દોઆતે કિરામની તારીખી હકીકતોથી** રૂઆશના થયા હતા. મદ્રસાના મોહતમિમ મુલ્લાં સાહબની ઝાતી કોશિશ અને મહેનતના સબબ શહરૂલ્લાહ ૧૪૩૧ માં જે બચ્ચાંઓએ મીસાક થયા પહેલા પૂરા ત્રીસ (૩૦) રોઝા રાખેલા હતા તે બચ્ચાંઓને ઈન્આમ આપી હોંસલા-અફઝાઈ કરવામાં આવેલી હતી. જે મુમેનીનને પોતાના શિફા, સેહત, બરકત અને મરહૂમોના ઈસાલે સવાબ વાસ્તે કુર્આનખ્વાની નો દૌર કરાવવો હોય તો મદ્રસામાં આવી મુલ્લાં સાહબ સાથે રૂબરૂ વાતચીત કરવી ઝરૂરી છે. ★

---

**ઈલાહી કૌમ કી ખિદમત કા ઈનમેં કર અસર પૈદા,**
**ઈલાહી ઈનમેં ઝૌકે ઈલ્મ કર તું સર-બ-સર પૈદા,**
**ઈલાહી ઈનમેં તાજે ઈલ્મ કે કર તું ગોહર પૈદા,**
**જો ફખરે કૌમ હો ઈનમેં વો કર નૂરે નઝર પૈદા.**
**ખુદાયા જલ્દ હો ઈલ્મો અમલ કી ઈનકી તૈયારી,**
**કે મેરી કૌમ કા આલિમ હઝારો પર રહે ભારી. ★**

**ભલી મીઠી વાતો કરનારી બૈરોના કબ્ઝામાં ન આવી જાવ, શાયદ કે તમારા સાથે બુરા કામ કરાવી લે.**

## -::: બયતુલ્લાહ :::-

૧૪ માં ફાતેમી તાજદારે મિસિર મૌલાના ઈમામ માઅદ અલ-મોઈઝ (અ.સ.) ની ખિદમતમાં ઉભેલા એક શખ્સે આપની હઝરતે ઈમામીયાહમાં એક રૂકુઓ પૈશ કીધો. આપે સુકૂનથી તે રૂકઆને પઢો અને આપના હમસાયા સૈ.કાઝી નોઅમાન સાહબ (આ.કુ.) તરફ નઝર ફરમાવીને કહ્યું કે, અય નોઅમાન, આ ફલાનાનો રૂકઓ છે, આપના સાથે તે રાખજો. જે વક્ત ઈમામ આલી મકામની સવારી નિકલી તો આપે સૈ.નોઅમાનને નઝદીક બોલાવા અને કહ્યું કે, તે શખ્સે આ રૂકઓમાં મૌ.ઈમામ મોહંમદ અલ-બાકિર (અ.સ.) ની ઝિક્ર કીધેલી છે કે, જે વક્ત આપે બયતુલ્લાહના દિદાર કીધા તો આપે ફરમાવું કે, "**બયતુલ્લાહના દિદાર કરવું ઇબાદત છે.**" સૈ.નોઅમાને કહ્યું કે, મૌલા, આપ બિલકુલ બરાબર ફરમાવો છો.

ઈમામ આલી મકામે ઈરશાદ ફરમાવો કે, અય નોઅમાન, અલ્લાહતઆલાએ ફાઝિલ ચીઝોની પહેચાન અને માઅરેફત કાઈમ કરવા વાસ્તે ફાઝિલ મિસાલો અને દલીલો જ મુકેલી છે. નબી વાસ્તે સૂરજ છે, વસી વાસ્તે ચાઁદ છે, અંબિયાની શરીઅત વાસ્તે આસ્માનો છે, ખૈર અમલ વાસ્તે બહેતર ખેતી છે, અઈમ્મત વાસ્તે પહાડો છે, ઈલ્મ વાસ્તે પાની છે, મુમિન વાસ્તે મધમાખી છે, મુનાફિક વાસ્તે માંકડી છે, બૈરો વાસ્તે ઝમીન છે વગૈરા. જે પણ હોય, હયવાન યા લીલોતરી યા પત્થર - હરએક વાસ્તે એની તખ્લીક-બનાવટ બરોબરીની જ હોય છે. અલ્લાહતઆલાએ આ કુશાદા, મોટી ઝમીન બનાવેલી છે, જેને નમાઝ પઢવા વાસ્તે મોહય્યા કીધેલી છે. **આ ઝમીનમાં ચંદ એવા ટુકડાઓ છે જેને અલ્લાહતઆલાએ ઝમીનના બીજા હિસ્સાઓ પર ફઝીલત બખ્શી છે અને તેમાં બરકત બોલી છે.**

એ વાત હક્ક છે અને અમેં પણ કહીએ છીએ કે, મક્કએ મુઅઝ્ઝમાહમાં ઝમીનનો એક એવો બાબરકત ટુકડો છે જેના પર બયતુલ્લાહ ઉભેલા છે. એક આમ ઘરની મુજબ બયતુલ્લાહ પણ પત્થરો અને માટીથી બનેલા છે. પણ તે દુનિયાના તમામ મકાનોના શાહ છે, સુલ્તાન છે, મુબારક છે, મુકદ્દસ છે, પાકીઝા છે. કોઇ નબી નથી ગુઝરા મગર એ કાઅબતુલ્લાહના દીદાર વાસ્તે પધારેલા છે. આ ઘર પર દિન-રાતની હર ઘડીઓમાં ફરિશ્તાઓનો નુઝૂલ થાય છે, નૂર અને અઝમતની બારિશ થાય છે. અલ્લાહના નબી અને એમના અહલે બૈત સાથે બયતુલ્લાહ વાબિસ્તા છે. બયતુલ્લાહ ભલે ને એક ઈમારત છે પણ તેનું નૂર અહલે બૈતે નબી (સ.અ.) ની વલાયત છે. **શરીઅતમાં કોઇ પણ બેજાન ચીઝની અઝમત સાબિત થાય જ નહીં જહાઁ તક, તેના સામે તેના ઝિંદા મમ્સૂલ હાઝિર ન હોય.** કુરઆન એક કિતાબની શિક્લમાં છે તે તેના ઝિંદા મમ્સૂલ યાઅની ઈમામે હક્ક હાઝિર છે, બયતુલ્લાહને નઝદીક હજરે અસ્વદ એક પત્થરની શિક્લમાં મૌજૂદ છે તો બયઅતે ઈમામે આલે મોહંમદ (સ.અ.) તેના ઝિંદા મમ્સૂલ છે.

અલ્લાહતઆલાએ અહલે ઈસ્લામ વાસ્તે આ બયતુલ્લાહને સવાબની વજેહ બનાવેલું છે. હજ્જ અને તવાફ કરવાનું ફરમાન કીધેલું છે. નૂરાની આલમમાં ફરિશ્તાઓએ આસ્માન પર પોતાની ખતાની મઆફી વાસ્તે બયતુલ્લાહના તવાફ દીધા, દોઆ કીધી. આ તરીકા પર અબુલ બશર મૌ.આદમ (અ.સ.) ના તૌબા કરવાના અમલથી ઈન્સાનોમાં આ સુન્નત જારી થઈ અને આજે ઈસ્તિગફાર વાસ્તે લોગો બયતુલ્લાહ તરફ હજ્જ કરવા જાય છે. બયતુલ્લાહની મિસાલ પર અલ્લાહતઆલાએ લોગોમાં પણ સાહબે શરાફત અને સાહબે અઝમત પૈદા કીધેલા છે. અલ્લાહના ઘરની અઝમત અને ઈઝ્ઝત તે જ વક્ત સહી ઠેહરે જે વક્ત અલ્લાહના હુકમથી મુકર્રર થયેલા હાઝિર ઝમાનાના અલ્લાહના દાઈ જે સાહબે અઝમત કહેવાય, તેમની ઈઝ્ઝતઅફઝાઈ કરવામાં આવે. **દાઇયુલ્લાહની જો માઅરેફત અને અઝમત દિલમાંથી નિકલી જાય તો બયતુલ્લાહની અઝમત બેમાઅના અને બેમકસદ થઇ જાય** છે.

ઈમામ આલી મકામ (અ.સ.) ફરમાવે છે કે, કોઈ શખ્સે અગર મમ્સૂલને ન પહેચાનો, બાતિનને કુબૂલ ન કીધું તો તેણે મસલની પહેચાન યાઅની ઝાહિરને માનવું શું ફાયદો કરશે ? જિસ્મ, જે મસલ છે તેને માને અને તેના મમ્સૂલ, જે નફસ છે, તેને ન જાણે તો તે શખ્સ ગુમ્રાહ છે. કેમકે, નફસને જાણા બગૈર અલ્લાહની માઅરેફત થઈ

*(બકીયાહ પેજ નં. ૭ પર)*

**દુનિયામાં હલાલને હાસિલ કરશો તો હિસાબ છે અને હરામને ખાશો તો અઝાબ છે.**

## -::: આઈનએ દરસે તૈયેબી :::-

✲ અલ્લાહતઆલા સૂરતુન્નબઅમાં ફરમાવે છે કે, હમેં તમારા વાસ્તે દિનને મઆશ બનાવો, હલાલ રોઝી કમાવવા વાસ્તે ઝરીઓ બનાવો, તમારા ઉપર સખ્ત સાત આસ્માનોને બનાવા અને તેમાં ચમકતા ચિરાગ-સૂરજને પૈદા કીધો. વરસતા વાદલોમાંથી હમેં વહેતા પાનીને ઉતારૂં, જે પાનીના સબબ ઝમીનમાંથી અનાજ અને સબઝી નિકાલીએ અને ઘણા બાગ-વાડીઓને ઉગાવીએ. ઝરૂર ફેસલાનો દિન-યૌમે કયામતનો મુકર્રર વક્ત છે, જે દિનમાં સૂર ફૂંકવામાં આવશે અને તમેં ટોલેટોલા આવશો. આસ્માન ખોલી દેવામાં આવશે તો તે દરવાઝાઓ બની જાશે.

✲ ઉપર ઝિક્ર થયેલી સૂરતમાં કયામતના દિનની વાત આવે છે. તો એક સાઈલે મૌ.અલી અમીરૂલ મુમેનીન (અ.સ.) ને **"યૌમા યુન્ફખો ફિસ્સૂરે ફતાતૂના અફવાજા"** ની માઅના પૂછી. આપે ફરમાવું કે, મેં જે વક્ત રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) ને આ આયત વાસ્તે સવાલ કીધો તો આપ નબી સાહબે ફરમાવું કે, અય અલી, તમેં ઘણા જ મોટા બનાવનો સવાલ કરો છો. તે બાદ આપની બેવે આઁખોમાંથી આઁસૂ નિકલી આવા અને આઁખો તર થઈ ગઈ, ને ઈરશાદ કીધો કે, અય અબલ હસન, મારી ઉમ્મત માંથી **૧૦ કિસ્મના લોગો** યૌમે કયામત ફૌજ દર ફૌજ જુદી-જુદી તરહથી લાવવામાં આવશે. **અલ્લાહતઆલાએ આ લોગોને મુમેનીનની જમાઅતથી અલગ કીધા હશે.** તેઓ અઝાબે ઈલાહીમાં ગિરફતાર હશે, આફતમાં મુબ્તેલા હશે અને તેઓના ચહેરાઓને બદલી નાખવામાં આવા હશે.

✲ ૧૦ કિસ્મના આ લોગોની સૂરતો ઘણી જ ખૌફનાક હશે. આ દસ ટોલાઓની કૈફીયત અલગ-અલગ હશે. (૧) વાંદરાઓની સૂરતવાલા (૨) સૂવરોની સૂરતવાલા (૩) એવી સૂરતના કે તેઓના પગ માથાની જગા પર હશે અને માથું પગની જગા પર હશે અને તેઓને ઘસીટવામાં આવશે. (૪) નાબીના-આઁખોની રોશની બગૈરના જે એકબીજા સાથે અથડાતા હશે. (૫) ગૂંગા-બહેરા હશે, તેઓને કઇ સમઝ પડશે નહીં. (૬) એવી ઝબાનવાલા હશે કે, તે ઝબાન તેઓના સીના તક લટકતી હશે, તેઓ ઝબાનને ચાવતા હશે અને તેમાંથી રાલ અને પીપ વહેતું હશે. (૭) એવા બદનના હશે કે તેઓના હાથ-પગ કાપી નાંખવામાં આવા હશે. (૮) એવી હાલતમાં હશે કે તેઓને આગની પાટો પર સૂલી ચઢાવવામાં આવા હશે. (૯) એવા બદસૂરત બદનના હશે કે મુર્દાઓ કરતા પણ ઝિયાદહ ગંધાતા હશે, બદબૂદાર હશે. (૧૦) ડામરના ગરમ જુબ્બાઓ પહેરેલા હશે જેનાથી તેઓ ખેંચવામાં આવશે અને આ જુબ્બાઓ તેઓના બદનની ખાલો સાથે ચિપકેલા હશે.

✲ તે બાદ આપ નબી સાહબે આ દસ કિસ્મના મુઅઝઝબ લોગોના ગિરોહની બયાની કીધી, વઝાહત કીધી અને ફરમાવું કે, (૧) વાંદરાઓની સૂરતવાલા, ચુગલખોરો છે, બુરાઇ કરનારા છે. (૨) સૂવરોની સૂરતવાલા, ચોરી કરીને હરામનું ખાનારાઓ છે. (૩) ઊલટા પગ-માથા વાલા, વ્યાજ ખાનારા અને યતીમના માલને હડપ કરનારા છે. (૪) નાબીના-અંધાઓ તે બેકુસૂર પર ઝુલ્મો જફા કરનારા છે. (૫) ગૂંગા-બહેરા તે ઈતરાનારા, શૈખી મારનારા છે. (૬) ઝબાનને ચાવનારા, ગુમ્રાહીની વાત કરનારા ખોટા આલિમો છે જેનો અમલ તેના બોલવાના ખિલાફ છે. (૭) હાથ-પગના કપાયેલા, પડોશીને ઈઝા આપનારા છે. (૮) સૂલી દેવાયેલા, શહેવત-પરસ્ત ઝિનાખોરો, શરીઅતને ખિલાફ જાનાર, પોતાના માલમાંથી અલ્લાહનો હક્ક નહીં નિકાલનારા છે. (૯) બદબૂદાર બદનવાલા, જૂઠ બનાવટી વાતો બકનારા છે. (૧૦) ડામરના જુબ્બાવાલાઓ, ઘમંડ અને તકબ્બુરી કરનારાઓ છે.

➪ અય અલી, "આ છે અલ્લાહતઆલાએ આપેલી શરીઅતને મુકનારા વાસ્તે તરહ-તરહના અઝાબની ઝિક્ર અને મારી ઉમ્મતના નાફરમાન લોગોના હાલાત. હલાકી છે આ લોગો વાસ્તે કે, તેઓ મારા ગુઝરી જાવા બાદ તમને મુકી દેશે, તમારો સાથ છોડી દેશે, **હાલાઁકે, તમેં તો મારા બાદ તેઓના વલી છો, મારા**

*(બકીયાહ પેજ નં. ૭ પર)*

**ઈન્સાન વાસ્તે મોટામાં મોટી નેઅમત મૌત છે કે તેનાથી એ બલાના ઘરથી છુટી શકે છે.**

(પેજ નં. ૬નું બાકી) આઈનએ દરસે તૈયેબી.....

**ઇલ્મના દરવાઝા છો અને મારી સુન્નતના વારિસ છો."** આ ઝિક્રને ત્રીજા યમની દાઈ સૈ.હાતિમ બિન સૈ.ઈબ્રાહીમ સાહબ (આ.કુ.) આપની કિતાબ "અલ-મજાલિસુલ હાતિમીયાહ" માં લઈ આવા છે અને મૌ.અલી (અ.સ.) ની ફઝીલતોને અજબ શાનથી આપ બયાન ફરમાવે છે. ★

➻ **આ સવાલોના જવાબ દરસમાં અપાયેલા છે :**

(૧) અકીદો યાઅની શું અને તે કેટલા છે ?

(૨) ઈમામુઝઝમાન (અ.સ.) અને દાઈયુઝઝમાન (ત.ઉ.શ.) ના વસીલા બગૈરના નિકાહ તે ઝિનાનું પરવાનું શું કામ છે ?

(૩) મૌલાતોના હુર્રતુલ મલેકાહ (આ.કુ.) ના મદદગારો કોણ હતા ?

(૪) કૌમે આદની ઝિક્ર કુરઆનમાં કઈ તરહ આવેલી છે ?

(૫) મૌ.આદમ (અ.સ.) ને સજદો કરવાનું અલ્લાહ તરફથી ફરિશ્તાઓને ફરમાન શું કામ થયું ?

(૬) રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) પહેલા, અંબિયા (અ.સ.) અલ્લાહની ઈબાદત કઈ તરહ કરતા હતા ?

(૭) સૂરતુલ ફાતેહાની ફઝીલત કુરઆનની બીજી સૂરતો કરતા વધારે કેમ છે ?

(૮) કાફિરોએ કીધેલા ખૈર કામોનો બદલો કઈ તરહ આપવામાં આવશે ? ★

(પેજ નં. ૫નું બાકી) બયતુલ્લાહ.....

શકતી નથી. અલ્લાહતઆલાએ તે શખ્સ પર લાઅનત બોલી છે કે, જે સાહબે અઝમતને હલકા સમઝી એમની બેઈઝઝતી કરી તરછોડે. શરીઅતમાં કોઈ એવું ફરઝ વાજિબ કરવામાં આવું નથી યા કોઈ એવો હુકમ કરવામાં આવો નથી પણ તેના ઝાહિરી અને બાતિની મફહૂમને સમઝવું લાઝિમ ન કીધું હોય. ઝાહિરમાં જે ચીઝ હલાલ છે તે હર હાલમાં હલાલ જ છે, અઝમતવાલી છે અને ઝાહિરમાં જે ચીઝ હરામ છે તે હરામ જ છે. આ ઝાહિર સાથે જે બાતિન હોય છે તેના વાસ્તે પણ આ જ હુકમ છે.

બયતુલ્લાહ સાથે જે હજ્જના અરકાન જોડાયેલા છે તેના વાસ્તે ઘણી જ નફસાની મહેનત અને મશક્કતની ઝરૂરત પડે છે, જે ઝાહિરી તૌર પર એક વાજિબ ફરીઝો છે. એનું બાતિન એ છે કે, ઈમાનની હિફાઝત વાસ્તે, ઈમામની વલાયત વાસ્તે હર શયતાનના ફરૈબને નાકામ કરી તેનાથી બરાત કરવું છે, જે ઘણો જ ભારી અમલ છે અને સખ્ત ઈમ્તેહાન છે. અલ્લાહતઆલા હમને ઘરના પાક લોગો-આલે અત્હર અને બયતુલ્લાહ-અલ્લાહના ઘરની અઝમતો ઈઝઝત કરનારા કરે. ★

## -::: અર્શનો સાયો :::-

રસૂલુલ્લાહ બાવાજી (સ.અ.વ.વ.) એ ફરમાવું છે કે, કયામતના દિન અર્શના સાયામાં સાત કિસ્મના લોગો હશે :

(૧) ઈમામે હક્ક-અદલો ઈન્સાફવાલા સાચા ઈમામ જે આલે મોહંમદ (સ.અ.) માંથી હશે.

(૨) અલ્લાહની ઈબાદત સાથે તરબીયત-તાઅલીમ પામનાર જવાન.

(૩) મસ્જિદની હુરમત સાચવનાર અને માઅરેફત રાખનાર.

(૪) તે મરદ-બૈરો જે ખુદાની રાહમાં આપસમાં મોહબ્બત કરે અને ખુદાની ખુશ્નૂદી વાસ્તે કરીબ થાય તેમજ જુદા થાય.

(૫) તે શખ્સ જેને કોઈ ખૂબસૂરત બૈરો બોલાવે અને તે શખ્સ કહે કે, મને અલ્લાહનો ખૌફ છે.

(૬) જે કોઈ મખ્ફીમાં સદકો કરે એવી તરહ કે જમણા હાથથી આપે તો ડાબા હાથને ખબર ન પડે.

(૭) જે કોઈ ખલવતમાં અને તન્હાઈમાં અલ્લાહની ખૂબ ઝિક્ર કરે અને આઁખોમાંથી ઝારો કતાર આઁસૂને જારી કરે. ★

**માલી ફાયદો આપનારી ચીઝોથી ચેતતા રહેજો કેમકે હર ફાયદા બાદ નુકસાન હોય છે.**

(પેજ નં. ૧૦નું બાકી) **ઝબીહતનો ગોશ્ત.....**

કીધી હોય તે જમવી જ જોઇએ. Vegetarianism ના ઝંડાઓ લઈને જે લોગો નિકલેલા છે તેઓને આ વાતની ખબર જ નથી કે, vegetarianism ની બુનિયાદ કોને નાંખેલી છે!

એવા લોગો અગર ગોશ્ત જમવાને ગુનાહ યા ફસાદ (Violence) કહેતા હોય તો તેઓને જમવાનું જ બંધ કરી દેવું જોઈએ. કેમકે, પેટમાં રહેલું acid તમામ bacteria (કે જેમાં જાન છે) ને મારી નાંખે છે. આ સાથે તેઓને સવારે ઉઠીને brush કરવાનું પણ બંધ કરી દેવું જોઈએ કેમકે, brush કરવાથી મૂઁહમાં રહેલા કીટાણુંઓ મરી જાય છે.

હલાલ જાનવરોનો ગોશ્ત જમવો તે એક natural cycle (કુદરતી ચક્ર) છે. ઈસ્લામમાં એવું હરગિઝ નથી કે, કોઇ પણ ચાર પગના જાનવરને જમી શકાય. દુનિયામાં અકસર કરીને લોગો ભૂંડ (સૂવર) ના ગોશ્તને જમે છે જે ઈસ્લામમાં હરામ છે. ઈસ્લામ મઝહબે જે મુજબ જમવા-પીવાના કાનૂનને refine અને advanced કીધા છે તે કોઇ મઝહબે કીધા નથી.

Scientific નઝરીયાથી અગર જોઈએ તો ઈન્સાન એક first-class predator (શિકારી) છે આ સબબથી એની બેવે આઁખો એના ચહેરા પર એક સાથે સામેની ચીઝોને જોઈ શકે એવી છે. જેટલા શિકારી જાનવરો છે તેની આઁખો સામે જોતી જ હશે. હવે જેટલા ચોપગા જાનવરો કે, જે ઘાસ-ચારો ખાય છે. તેની આઁખો માથાના side પર હોય છે. પહેલાનો ઈન્સાન જે ખુલ્લા મેદાનો અને ગુફાઓમાં રેહતો હતો તે શાકાહારી અને માંસાહારી બેવે હતો. એના અંદર શિકાર કરવાનો હુનર તો હતો જ અને સાથે પત્તા-ભાજી પણ જમતો હતો.

ઈન્સાનના પેટમાં અલ્લાહતઆલાએ cellulase નામનું રસાયણ કે જે શાકાહારમાં રહેલા cellulose ને digest કરે તે રાખું નથી. અગર ઈન્સાન પૈદાઈશથી શાકાહારી જ રહ્યો હોત યા એની બનાવટ ફક્ત શાકાહાર લે તે વાસ્તે જ હોત તો એના પેટમાં cellulase ઝરૂર હોત, જેથી એ વનસ્પતી અને ઝાડ-પાનને પચાવી શકે. તમામ શાકાહારી જાનવરોમાં cellulase હોય જ છે.

ઈન્સાનના દાંતોની બનાવટમાં ઉપર અને નીચે બે ખીલા જેવા દાંત હોય છે જેને incisors કહે છે. આ દાંત શાકાહારી જાનવરોમાં હોતા નથી. આ દાંતનો ઈસ્તેમાલ ગોશ્ત જેવી સખ્ત ચીઝને તોડવામાં યા ચાવવામાં જ થાય છે. ઈન્સાન અગર શાકાહાર જમવા વાસ્તે જ પૈદા કરવામાં આવો હોત તો આ incisors ન હોત !

આ મુજબની એવી ઘણી બધી ચીઝો છે જે ફક્ત veg રહેવાના concept અને idea ને ખોખલી કરે છે. ગોશ્તમાં જે protein, amino acids, iron, vitamin B12 વગૈરા ચીઝો હોય છે તે કોઈ શાકાહારી ખોરાકમાં હોતી નથી. ગોશ્તમાં રહેલી આ તમામ ચીઝોને જેટલી આસાનીથી ઈન્સાનનું પેટ absorb (જઝબ) કરી શકે છે એટલી શાકાહાર માંથી જઝબ નથી કરી શકતું.

જમવા-પીવામાં હર ચીઝનું balance અને માપ હોય તો હર તરહથી જિસ્મને સેહત અને તાકત મિલે છે. વધુ પડતી કોઈ પણ ચીઝ જિસ્મને નુકસાન પહોંચાવે છે. ઝબીહતના ગોશ્તના અય્યામ છે કે, જેમાં મૌ.ઈબ્રાહીમ (અ.સ.) ની સુન્નત જારી થાશે. ઝબીહતના હલાલ ગોશ્તમાં જેટલી તાકત અને ફાયદાઓ છે એટલી કોઈ ચીઝમાં નથી.



* **આરામ ક્લીનિક, આજવા રોડ** : બુધવાર અને રવિવાર : સવારે ૧૦:૩૦ થી ૧૨:૩૦ જુમોઆ : સાંજે ૫ થી ૮
* **ધર્મજવાલા ફીઝીયો થેરાપી સેન્ટર, જહાંગીર પૂરા** : મંગલવાર / જુમેરાત / શનિવાર : સવારે ૧૧ થી ૧
* **વાસણા રોડ** : સોમવાર થી જુમેરાત અને શનિવાર : સાંજે ૫ થી ૮ ★


**બયઅતે ઈમામે હક્ક અકલથી છે અને અમલે મુમિન રઝાએ દાઈથી છે.**

## -::: લફ્ઝી કશ-મ-કશ :::-

કારેઈન વાસ્તે લફ્ઝી કશ-મ-કશને નવા અંદાઝથી પૈશ કરવામાં આવે છે. આમાં ખાના આપેલા છે જેમાં નંબર મુજબ સવાલ પૂછવામાં આવો છે. દરમિયાનનું ખાનું ખાલી રહેશે અને બાકીના ખાના જવાબ સહી હોવાના સાથે ભરાઈ જશે અને પૂરી તરકીબ મુકમ્મલ થઈ જશે. નીચે આપેલી કશ-મ-કશને સહી તૌર પર પૂરી કરી તેને સિલસિલાવાર લખી પોસ્ટ કાર્ડ યા E-mail યા રૂબરૂ આવી હમારા એડ્રેસ પર આ મહીનાની ૨૦ તારીખ પહેલા મોકલી આપવા ગુઝારિશ છે. કારેઈનમાંથી જેના જવાબો સહી હશે તેમનો ડ્રો કરવામાં આવશે અને તેમાંથી જેનું નામ નીકલશે તે ખુશકિસ્મત નામને હમેં સાચા જવાબો સાથે આવતા શુમારામાં ઝાહિર કરીશું. જવાબ આપનાર પર લાઝિમ છે કે, તે પોતાનું નામ, એડ્રેસ અને ફોન નં. ઝરૂરથી લખી મોકલે.

તો, તૈયાર થઈ જાવ, દિમાગને કસો, કલમને પકડો અને તમારા કિસ્મતના ઘોડાને તેઝ કરો.....





**ઊભી તરકીબ :**

(૧) શિકસ્ત, નાકામી. (૨)
(૨) જેની ઝાત ખરાબી પર હોય. (૩)
(૩) દરજો, રૂત્બો. (૩)
(૭) ઔલાદ, ઝુર્રીયત. (૨)

**આડી તરકીબ :**

(૨) ઈનાયત, નવાઝિશ. (૩)
(૪) ફેસલો, મૌત. (૨)
(૫) કબ્ઝો, કન્ટ્રોલ. (૨)
(૬) જમન. (૩)

**ગયા શુમારાનો ખુલાસો :**




**આ તરકીબનો સહી જવાબ આપનાર : અલી અબ્બાસ ચશ્માવાલા**

★

## -::: "બહાર" સે "બાહર" :::-

દાઅવત કી જો "બહાર" સે બાહર નિકલ ગયા,
જન્નત સે નાર કી વો તરફ હૈ ફિસલ ગયા.
હૈં અકલ કે વો ખામ ન સમઝે "જુદા" હુએ,
શયતાનીયત મેં આકે વો અહલે જફા હુએ.
યે સિલસિલા ઝોએબ સે હે, યે નયા નહીં,
હક્ક, હક્ક તરફ રહેગા તુમ્હે તો હયા નહીં.
જન્નત હે દાઅવતે હક્ક, જન્નત કો છોડકર,
તું જા રહા કિધર હે, સંભલજા તું ગૌર કર.
ક્યૂઁ બાગીયોં સે મિલ ગયા, હક્ક સે બિછડ ગયા,
ઔર ખુદ તું કેહ રહા હે કે લો મૈં "સુધર" ગયા.
કુરઆઁ મેં દેખ દાઈએ અલ્લાહ કી સના,
તું ડૂબ જાએગા તેરી જાઁ કો ઝરા બચા.
એક આઁખ સે ન દેખ, સમઝ, અકલ હે તુઝે,
શયતાઁ ઘસીટ કર તુઝે જાતા હે વો લિયે.
ઝિલ્લત કી ઝિંદગાની મેં જીતા હે તું બશર,
ઘર કા ન ઘાટ કા હે, ભલા જાયેગા કિધર.
દાઅવત કી આન-બાન યે, શૌકત યે શાન દેખ,
હૈં યે ઝિયાઉદ્દીન, નૂરૂદ્દીં કી જાન દેખ.
દાઈઝઝમાં કે ચેહરે પ હક્ક કા તું નૂર દેખ,
મૌલા ઈમામે હક્ક કા તું ઈનસે ઝુહૂર દેખ.
ઉમ્રે શરીફ તૂલ હો અઝ બેહરે પંજતન,
દાઅવત કા નખ્લ ફૂલે ફલે બેહરે ઝૂલ મેનન. ★

## -::: ઈન્તેકાલ પુર મલાલ :::-

| | |
|---|---|
| નામ | : **સુલ્તાનઅલી શેઠ નૂરભાઇ પેટીવાલા** |
| સરનામું | : બદરી મોહલ્લા, વાડી, વડોદરા. |
| વફાતની તારીખ | : ૧૨ ઝિલકાદ ૧૪૩૧ / ૧૯-૧૦-૨૦૧૦. |
| ફોન | : ૯૨૨૮૧૪૫૨૨૪ |

---

| | |
|---|---|
| નામ | : **સફીયુદ્દીન મુ. હુસૈનઅલી ચાઁદખાં** |
| સરનામું | : ફખરી મોહલ્લા, ગેંડીગેટ, વડોદરા. |
| વફાતની તારીખ | : ૨૨ ઝિલકાદ ૧૪૩૧ / ૨૯-૧૦-૨૦૧૦. |
| ફોન | : ૯૭૨૫૬૨૭૭૯૩ |

---

(મુમેનીનને મરહૂમના ફાતેહા પઢવા વાસ્તે ઈલ્તેમાસ છે.)

---

નોંધ :-

જે મુમેનીન આ અખ્બારમાં ફોટા સાથે કોઈ પણ મૌકાની ખબર આપવા માંગતા હોય, તો તેના વાસ્તે રૂા.૭૫/- હદીયો મુકર્રર થયેલો છે. આ ખબરને વેબસાઈટ પર મુકવી હોય તો તેનો અલ-હાદી સાથેનો કુલ હદીયો રૂા.૨૦૦/- રાખવામાં આવો છે. ★

---

**દાઈના નૂરથી વાબિસ્તા હર શખ્સ નૂરાની મુમિન છે અને ઈબ્લીસના ફિત્નાથી જોડાયેલો હર શખ્સ ઝુલ્માની શયતાન છે.**

**કુરઆનમાં તમામ દર્દની દવા મૌજૂદ છે.**

## -::: ઝબીહતનો ગોશ્ત-ઈન્સાનને ઈસ્લામની એક નાયાબ નેઅમત :::-

રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) ફરમાવી ગયા કે, જમવામાં ઊંચા માં ઊંચી (અફઝલ, beneficial) ચીઝ તે ગોશ્ત છે અને પીવામાં દૂધ છે. આ અપને વાસ્તે ફક્ત એક health tip છે, મગર હકીકતમાં આ કલામમાં હિકમત છુપાયેલી છે. રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) એ ઝબીહતના ગોશ્તને હલાલ કીધો છે. ઝબીહતના ખુસૂસી કાનૂન અને તરીકા છે, જેમાં અલ્લાહના નામ સાથે દોઆ અને વસીલા છે. જેના સિવાયનો ગોશ્ત જમવો હરામ છે, ભલેને તે હલાલ જાનવરનો હોય !

જાનવરને જે વક્ત ઝબેહ કરવામાં આવે છે તો તેના બદનનું તમામ ખૂન (blood) વહી જાય છે અને તેના organs (અવયવો) તંદુરસ્ત હાલતમાં ખૂન ન મિલવાના સબબ કામ કરવાનું બંધ કરી દે છે. આ process દરમિયાન બદનમાં કોઈ poison યા bacterial activity યા બીમારી પૈદા થાતી નથી. Blood માં રહેલું uric acid, કે જે body વાસ્તે એક તરહનું ઝહેર છે, એ નિકલી જાય છે. આ સબબથી ઝબીહતનો ગોશ્ત જમવામાં કોઈ નુકસાન થાતું નથી. આમ દિવસોમાં બાઝારમાં હલાલ જાનવરને ઝબેહ કીધેલો જે ગોશ્ત મિલે છે, તે પણ આ જ મુજબનો હોય છે.

આજના નૌજવાનો અને modern ખયાલના લોગો ગોશ્ત (non-veg) ને હલકી અને કતરાતી નઝરથી જોઇ છે. હાલમાં દુનિયામાં vegetarianism (શાકાહારી) ની બોલબાલા છે. દીને ઈસ્લામની દુશ્મની ઉતારવા અને તંદુરસ્ત બનવાના ખોટા ખયાલથી લોગો પર શાકાહારી બનવાનું પાગલપન સવાર છે. પેપરો અને ટીવી ચેનલો પર પિરસવામાં આવતી ખબરો તેને હવા આપે છે. Medical Science ના નક્શે કદમ પર ચાલતા ડૉક્ટરો આજે લોગોને healthy રહેવા વાસ્તે સલાહ આપે છે. ખાસ કરીને નૌજવાન દિકરા-દિકરીઓ જે college, school માં જાય છે અને જેના friends બીજા મઝહબના હોય છે, તેઓ બીજાની વાતો સાંભલીને ગોશ્ત જમવાથી પરહેઝ કરે છે. એમના મનમાં એક એવી ગલત વાત નાંખી દેવામાં આવે છે કે, બેઝબાન જાનવરને મારીને જમવું એક તરહનો ગુનાહ છે અને ફસાદ (હિંસા, violence) છે. પણ તેઓને એ ખબર નથી કે, આ હુકમ અલ્લાહનો છે અને આ સુન્નત, નબી (સ.અ.વ.વ.) ની છે. જે આ અહકામને ન માને તે ઈમાનના દાએરામાંથી બાહર નિકલી જાય છે.

રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) ફરમાવે છે કે, જે કોઈ શખ્સ મારા જાવા બાદ હલાલને હરામ યા હરામને હલાલ કરશે, તે મલઊન છે અને તે અઝાબમાં ગિરફતાર થાશે. ઈસ્લામ મઝહબમાં હર ચીઝ માઅકૂલ છે, ફાયદામંદ છે, balanced છે. Vegetarianism અને Non-vegetarianism બેવે જાઈઝ છે. અલ્લાહતઆલાએ જે ચીઝ ઈન્સાનને વાસ્તે મુબાહ (જાઈઝ, permissible)

*(બકીયાહ પેજ નં. ૮ પર)*

**નોંધ : મિશ્કાતુલ-હાદી**ના માતહત શાયેઅ થયેલી મૌલાના અલી (અ.સ.) ના કસીદાઓની, સૈ.ફખરૂદ્દીન સાહબ (ક.રૂ.) ની બૈતોના મજમૂઆની તેમજ અહલુલબૈત (અ.સ.) ના નૌહાઓની અને મરસીયાઓની **CD** મુલ્લાં ઈબ્રાહીમભાઈ (વડોદરામાં) અને મુલ્લાં સિરાજભાઈ (મુબંઈમાં) થી કારેઈન હાસિલ કરી શકે છે. આ ભાઈઓના ફોન નંબર નીચે આપેલા છે.

**સાલાના લવાઝેમાત (Yearly Subscription)**
**રૂા. ૬૦ /- (પોસ્ટેજ સાથે)**
મેનેજર :- **મુલ્લાં ઇબ્રાહીમ ટી. બરોડાવાલા**
નાઝ બોક્ષના ઘરને બાજુમાં, બદરી મોહલ્લા,
વાડી, વડોદરા - ૩૯૦ ૦૧૭. ફોન : ૯૯૦૪૨૨૧૦૯૦.
મુંબઈમાં લવાઝમ લેનાર :- **મુલ્લાં સિરાજઅલી અત્તરવાલા**
(નફીસ, મુંબઈ) ફોન : ૯૭૬૬૬૯૩૦૬૬. ★

-::: ઝાહેર ખબર :::-

**MAXIM REFRIGERATION**

Repairs & Services of all types of
Refrigerators, ACs & Washing machines
& Annual Maintenance.
B-10, Vishramnagar Society,
Opp. Taksh Complex, Vasna Road, Vadodara.
**Mashkur - 9925595229** ★

---

Ismat Madam's

**GENIUS PERSONAL TUITION CLASS**

Std.10 : Sanskrit, Gujarati, Hindi
(Eng. & Guj. Medium)
**Ismat A. Gulabiwala (M.A., B.Ed.)**
103, Ali Chamber-1, Taiyebi Park,
Ajwa Road, Vadodara - 19.
M.: 9974405146 ★

---

**માસુમા બુટીક**

૧૩-૧૫, સૈ.મુસનજી તાજ સાહેબ શહીદ દરગાહ,
પાણીગેટ, વડોદરા - ૧૭.
**દુલ્હન જોડીઓ, નમાઝી તથા ફેન્સી જોડીઓ, કાપડમાં રિદા-કુર્તા-સાયા-સુસી-જાજમ-પડદા-એહરામ-કોટન-વગૈરા, ફેન્સી રિદાઓ અને પંજાબી, મસલ્લા અને હદીયાની અનેક આઇટમો વાજબી ભાવે મળશે.**
ફોન : ૯૯૧૩૭૩૪૮૬૬,
૨૫૧૨૬૩૮, ૨૫૬૦૯૦૯. ★

---

**RUBY COLLECTION**

# Fancy Rida # Rida Material # T-shirts #
Izaar-payjamas # Fancy Lace # Fancy Jodi
All Types of cotton dresses & materials.
**Address :** Near Sulemani Bank,
Opp. MES Girls High School, Gendi Gate,
Vadodara. **M.: 9998058057.**★

-::: ઝાહેર ખબર :::-

**IMAGE ACCOUNTANCY**

Ibrahim H. Tinwala
M.: 9898442032
Contact for all types of computer accounting
work, sales tax return manual & vat-e-return,
CST-e-return & Personal return.

**ZULFI TRAVELS**

Zulfiqarali H. Tinwala
M.: 9974382384 (R) 2510639
Govt.Authorised IRCTC Railway Agent
Contact for all types of
Railway ticket booking, Air & Bus Booking.
**B-203, Sakina Appt., Taiyebi Park
Society, Ajwa Road, Vadodara.** ★

---

**ROYAL EVENTS**

Weddings, Birthday Parties, Anniversaries, Brand Promotion, Product Launch, Road Shows, Corporate Events, Conferences, Etc.
**Ali Asgar Lalawala (Clipwala)**
M.: +919825578694
**Lameaa Lalawala (Clipwala)**
M.: +919712997860
C-201, Gulistan Appt., Near Taiyebi Park
Society, Ajwa Road, Vadodara-390 019.★

---

**Arwa I. Boxwala** M.: 9601168812

**Maddona Beauty Parlor**
Specialist in : Bridal Makeup,
Hair Style, Manicure, Pedicure.
Afrin Mehndi Packet
Black & Burgundy Colour.
Mehndi Cone also available.
Saifee Mohalla, Nr.Shraddha Communication,
Vorwad, Gendi Gate, VADODARA.★


**સાહબે દાઅવત સાથે મોહબ્બત, તમામ દોઆત, અઈમ્મત, ઔસિયા અને અંબિયા (અ.સ.) સાથે મોહબ્બતની સનદ છે.**

## -::: ઝાહેર ખબર :::-

### અલીફીયા સોરંગવાલા

મો.: ૯૫૩૭૫૧૯૮૬૭

ઘરના વાતાવરણમાં પૌષ્ટીક નાસ્તા સાથે તમારા બાળકના ભવિષ્યનો પાયો મજબૂત કરો. ૨ વર્ષથી ૪ વર્ષ સુધીના બાળકોને એડમીશન આપવામાં આવે છે. JKG, SKG, 1st, 2nd, 3rd સુધીના ટયુશન અંગ્રેજી તથા ગુજરાતી માધ્યમના આપવામાં આવે છે. કોમ્પ્યુટર કલાસમાં બેઝીક, ટેલી, ડી.ટી.પી, સી. પ્લસ પ્રોગ્રામ અને ડિપ્લોમાં (ડી.સી.એ.) તથા ઓફિસ વર્ક ખૂબ જ સરળતાથી અને વ્યાજબી ભાવે શીખવાડવામાં આવે છે. ★

---

### એમ. એમ. ગ્લાસ

**(મોહસીન એસ. સુરતી)**

ફોન : ૨૫૨૧૫૬૯ / ૯૮૨૫૫૫૨૧૫૧

**દરેક પ્રકારના બારી બારણાંના કાચ તથા એલ્યુમિનિયમ સેક્સન બારી-દરવાજા-પાર્ટીશન ના કામ માટે.**

જી-૧, શાલીમાર ફલેટસ, ટેલીફોન એકસચેન્જ, પાણી ની ટાંકી પાસે, આજવા રોડ, વડોદરા. ★

## -::: ઈન્સાફ :::-

એક મૌકા પર મુશ્કિલકુશા (અ.સ.) ને નઝદીક એક બૈરો અને એક જ શિક્લના બે મરદો ઝઘડો કરતા કરતા આવા અને તે બેવે માંથી એક મરદે કહ્યું કે, આ તો મારી બૈરો છે અને બીજાએ પણ એ જ મુજબ કહ્યું કે, આ મારા બૈરો છે. પછી અમીરૂલ મુમેનીન (અ.સ.) એ એક લોટો મંગાવો અને ફરમાવું કે, જે શખ્સ આ લોટામાં જાય અને તેના નાલકામાંથી નિકલે તેની આ બૈરો છે. આ હુક્મ સાંભલીને તે બે મરદો માંથી એક શખ્સ તૈયાર થયો કે, **"હાઁ, અય મૌલા, મેં નાલકા માંથી નિકલું છું."** પછી તે મરદ લોટામાં ગયો કે, અલીયુલ મુરતઝા (અ.સ.) એ તે લોટાનું મોં અને નાલકું બંધ કરીને જંગલમાં એક ઊંડો ખાડો ખોદાવીને લોટાને દફન કરી દીધો અને ફરમાવું કે, **આ જિન્ન હતો, ઇન્સાન ન હતો.** એ બૈરો ઉપર આશિક હતો તેથી એના મરદની શિકલ લઈને એનાથી ઝિના કરવા આવો હતો. તે બાદ આપે બીજા શખ્સને ફરમાવું કે, આ તારા જ બૈરો છે, તું એને લઇ જા. ★

## -::: ઝાહેર ખબર :::-

### બદરી સ્વીટસ

**અમારે ત્યાં મુંબઇ તથા વડોદરાની પ્રખ્યાત મિઠાઇઓ, ફરસાણ મળશે. લગ્ન તેમજ શુભ પ્રસંગના ઓર્ડર લેવામાં આવશે.**

*૩, અલવી એપાર્ટમેન્ટ, હરણખાના રોડ, પાણીગેટ,*

વડોદરા - ૩૯૦ ૦૧૭.

ફોન : ૦૨૬૫-૨૫૬૨૫૭૨ મો.: ૯૫૮૬૮૮૪૭૭૩ ★

---

### નૂર ગેસ સેલ્સ એન્ડ સર્વિસ

મો.: ૯૮૨૪૩૯૨૭૧૩

**દરેક પ્રકારના ગેસના ચુલા સંતોષકારક અને ખાત્રીપૂર્વક તાત્કાલીક રીપેરીંગ કરી આપનાર.**

**(હોમ સર્વિસ સાથે)**

બરાનપુરા, શિવાજી બેંકની સામે, વડોદરા. ★

---

**.... કારપેટ .... કારપેટ .... કારપેટ ....**

અમારે ત્યાં નવીન ડિઝાઈન અને કલરમાં દરેક પ્રખ્યાત કંપનીની કારપેટ ખરીદવા માટે પધારો....

### લકી કારપેટ સેન્ટર

C/O. **મહેબૂબભાઇ ભાઇસાહેબ** ફોન : ૨૫૮૦૫૬૬

વાયડા પોલના નાકે, વાડી, ચોખંડી, વડોદરા. ★

---




100 % DIGITAL INVISIBLE ITC & CIC

" NATIONAL PLAZA "
Alkapuri, R.C Dutt Rd.,
Ph 2354118, 2342884
" THE EMPEROR"
Fatehgunj Main Road Ph : 2787744
" SHIPRA"
Nr. New Alka Restaurant
Old Padra Road Ph.: 2252266
"KEDAR"
1st Flr. Nr. Laheripura Gate, Ph.2422307